પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૪૮ ૭ ઓગસ્ટ, ૨૦૧૭, સોમવાર ; શ્રાવણ સુદ - ૧૫ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### નિકોબારમાં ધરતીકંપ

નિકોબાર ટાપુઓ પર ૪.૯ રીકટર સ્કેલનો ધરતીકંપ નોંધાયો હતો. જો કે હજુ સુધી કોઈ જાનહાની કે નુકશાનીની વિગતો બહાર આવી નથી.

### આમીર ખાનને સ્વાઈન ફ્લુ



જાણીતા અભિનેતા આમીર ખાનને સ્વાઈન ફ્લુ પોઝીટીવ કન્ફર્મ થતાં આઈસોલેટ રૂમમાં ઘરે જ સારવાર આપવામાં આવી રહી છે.

### અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનનું ખાતમુહુર્ત સપ્ટેમ્બરમાં

અમદાવાદ-મુબઈ બુલેટ ટ્રેનનું ખાત મુહુર્ત સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરાશે. આ માટેની તડામાર તૈયારી રાજય અને કેન્દ્ર સ્તરે આરંભાઈ છે.

### રવિન્દ્ર જાડેજા સસ્પેન્ડ

શ્રીલંકા સામેની ત્રીજી ટેસ્ટ મેચ માટે ઓલ રાઉન્ડર રવિન્દ્ર જાડેજાને આઈસીસીના કોડ ઓફ કન્ડકટના ભંગ માટે સસ્પેન્ડ કરાયો છે. ત્રીજી ટેસ્ટ ૧૨મીથી પલ્લેકેલેમાં આરંભાશે.

# ભારત શ્રીલંકા સામે ટેસ્ટ શ્રેણી જીત્યુ

**શ્રીલંકા પર ભારતની ઇનિંગ્સ-૫૩ રને જીત : ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણી ભારતે ૨-૦થી પોતાના નામે કરી : દુનિયાની નંબર વન ટીમ ભારતે સતત આઠમી શ્રેણી જીતીને ઇતિહાસ સર્જ્યો : રવિન્દ્ર જાડેજાના તરખાટ સામે શ્રીલંકાએ ૭૬ રનમાં અંતિમ છ વિકેટ ગુમાવી**



કોલંબો,તા. ૬

રવિન્દ્ર જાડેજાના તરખાટની મદદથી કોલંબોના સિંઘાલી સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં પણ યજમાન શ્રીલંકા ઉપર એક ઈનિંગ્સ અને ૫૩ રને ભારતે આજે જીત મેળવી હતી. આની સાથે જ ભારતે ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણી ૨-૦થી જીતી લીધી છે. દુનિયાની નંબર વન ટીમ ભારતે સતત આઠમી શ્રેણી જીતી છે. ૨૦૧૪-૧૫માં ઓસ્ટ્રેલિયાની જમીન પર ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં ૨-૦થી શ્રેણી ગુમાવી દીધા બાદથી ટીમ ઈન્ડિયાએ કોઈપણ ટેસ્ટ શ્રેણી ગુમાવી નથી. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતે પોતાની અપરાજીત ઝુંબેશ જારી રાખી છે. કરૂણારત્નેના ૧૪૧ રનની મદદથી શ્રીલંકાની ટીમે એક વખતે ૪ વિકેટે ૩૧૦ રન બનાવ્યા હતા અને તેની સ્થિતિ મજબૂત દેખાઈ રહી હતી પરંતુ ત્યારબાદ નિયમિત ગાળામાં વિકેટો ગુમાવી હતી. રવિન્દ્ર જાડેજાએ નવમી વખત પાંચ અથવા તેનાથી વધુ વિકેટ ઝડપી હતી. જાડેજાએ ૧૫૨ રન આપીને પાંચ વિકેટ ઝડપીને આ ટેસ્ટ મેચ ભારતને જીતાડવામાં ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. યજમાન ટીમ જાડેજા સામે મેદાન પર ટકી શકી ન હતી અને પોતાની છેલ્લી છ વિકેટ માત્ર ૭૬ રનમાં ગુમાવી દીધી હતી. ફોલોઓન થયા બાદ મેદાનમાં ઉતરેલી શ્રીલંકાની ટીમ તેના બીજા દાવમાં ૧૧૬.૫ ઓવરમાં ૩૮૬

● અનુસંધાન પાન-૫ પર

# કર્ણાટકના મંત્રી શિવકુમારના આવાસે દરોડામાં ૩૦૦ કરોડ મળ્યા

**સતત ત્રણ દિવસ સુધી ઇન્કમટેક્સની તપાસ : કેટલીક નવી વિગતો ખુલે તેવી પણ પ્રબળ સંભાવનાઓ**



બેંગ્લોર,તા. ૬

ત્રણ દિવસ સુધી ઉંડી તપાસ બાદ ઈન્કમટેક્સ વિભાગે કર્ણાટકના ઉર્જામંત્રી ડીકે શિવકુમારના આવાસ અને તેમના અન્ય સંકુલોમાંથી આશરે ૩૦૦ કરોડ રૂપિયાની બિનહિસાબી આવક અંગે માહિતી મેળવી લીધી છે. દરોડા દરમિયાન ૩૦૦ કરોડ મળી આવ્યા છે અને હજુ ગણતરીનો દોર ચાલુ રહ્યો છે. ઈન્કમટેક્સ વિભાગના સુત્રોએ બેંગ્લોરના એક અખબારને આ અંગેની માહિતી આપી છે. આમાથી આશરે ૧૦૦ કરોડ રૂપિયા ડીકે અને તેમના પરિવારના મૂડીરોકાણ, પ્રોપર્ટી, જ્વેલરી અને રોકડ તરીકે છે જ્યારે અન્ય ૨૦૦ કરોડ રૂપિયા જ્વેલરી, એજ્યુકેશન અને ડીકે શિવકુમાર સાથે જોડાયેલી અન્ય કંપનીઓના હોવાનું જાણવા મળ્યું છે. વિભાગના સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, આ માત્ર અંદાજો મુકવામાં આવ્યો છે. આ મામલામાં તપાસ પુરી થયા બાદ જ યોગ્ય રકમ અંગે માહિતી મળી શકશે. ગઈકાલ શનિવાર સુધી

● અનુસંધાન પાન-૫ પર

# અમરનાથયાત્રા પરના ૩ હુમલાખોરો પકડાયા

**કાશ્મીરના આઈજીએ પ્રેસકોન્ફરન્સ કરી માહિતી આપી : હુમલા પાછળ લશ્કરનો હાથ : પાકિસ્તાની આતંકી સાથે લોકલ લોકો પણ સામેલ હતા : અન્ય આરોપીઓની શોધખોળ ચાલુ**

શ્રીનગર,તા.૬

અમરનાથ યાત્રાએ ગયેલા ગુજરાતના શ્રદ્ધાળુઓની બસ પર કરવામાં આવેલા આતંકી હુમલામાં લશ્કર-એ-તોઈબાનો હાથ હોવાનું સામે આવ્યું છે. આ હુમલામાં સામેલ ૩ લોકોની ધરપકડ કરી હોવાની પણ માહિતી આપી છે. જમ્મુ કાશ્મીર પોલીસના આઈજી મુનીર ખાને રવિવારે જણાવ્યું કે આરોપીઓએ તમામ જાણકારીઓ આપી છે. આ હુમલામાં સામેલ અન્ય લોકોની પણ ઓળખ થઈ ગઈ છે. અનંતનાગમાં ૧૦ જુલાઈની રાત્રે ગુજરાતની બસ પર આતંકી હુમલો થયો હતો જેમાં ૫ મહિલાઓ સહિત ૭ યાત્રાળુઓના ઘટના સ્થળે જ મોત નિપજ્યાં હતા. જયારે ૧૫ શ્રદ્ધાળુઓ ઘાયલ થયા

● અનુસંધાન પાન-૫ પર

# કોંગ્રેસી ધારાસભ્યો આણંદના નિજાનંદ રિસોર્ટ ખાતે રોકાશે

**ચૂંટણીને લઇ ધારાસભ્યોને ગમે તે ઘડીયે લવાશે : એહમદ પટેલને કોઇપણ ભોગે જીતાડવાની કોંગ્રેસની યોજના તૈયાર**

અમદાવાદ, તા.૬

રાજયસભાની ચૂંટણીને આડે હવે માત્ર એક જ દિવસ બાકી રહ્યો છે ત્યારે કોંગ્રેસના ધારાસભ્યોને ગુજરાત વતન પરત લાવવાની તજવીજ કોંગ્રેસ પક્ષ દ્વારા હાથ ધરાઈ છે. જો કે, છેલ્લી ઘડીયે ભાજપવાળા પોતાના ધારાસભ્યોને કોઈપણ રીતે તોડવામાં સફળ ના થઈ જાય તે હેતુથી અગમચેતીના ભાગરૂપે કોંગ્રેસ દ્વારા આજે અથવા તો આવતીકાલે તેના તમામ ધારાસભ્યોને બેંગ્લુરૂથી સીધા જ આણંદ ખાતેના નિજાનંદ રિસોર્ટમાં ઉતરાણ કરાવે તેવી શકયતા છે. રાજયસભાની ચૂંટણીના દિવસે પક્ષના વ્હીપ મુજબ, એહમદ પટેલને જ મત આપી વિજય બનાવવા પણ ધારાસભ્યોને સમજાવવા કોંગ્રેસ દ્વારા છેલ્લી ઘડીના પ્રયાસો અને કવાયત હાથ ધરાઈ છે. કોંગ્રેસમાંથી એક સાથે છ ધારાસભ્યોને તોડવામાં સફળ રહેલી ભાજપની કૂટનીતિને પગલે કોંગ્રેસ ગભરાઈ ગઈ હતી અને રાજયસભાની ચૂંટણી પહેલાં જ પક્ષમાં વધુ ભંગાણ ના સર્જાય તે માટે કોંગ્રેસ તેના તમામ ૪૨ ધારાસભ્યોને લઈને બેંગ્લુરૂ જતી રહી હતી. છેલ્લા નવ દિવસથી કોંગ્રેસના ધારાસભ્યો બેંગ્લુરૂના ઈગલટોન રિસોર્ટમાં રહી રહ્યા છે. હવે તા.૮મી ઓગસ્ટે રાજયસભાની બેઠકની પ્રતિષ્ઠાભરી અને ઈજ્જતના સવાલ સમી ચૂંટણી છે ત્યારે કોંગ્રેસના ઉમેદવાર એહમદ પટેલને જીતાડવા કોંગ્રેસે એડી ચોટીનું જોર લગાવ્યું છે. કોંગ્રેસે પહેલેથી તેના તમામ ધારાસભ્યોને રાજયસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર એહમદ પટેલને જ મત આપવા સ્પષ્ટ વ્હીપ જારી કરી દીધો છે. કોંગ્રેસે શંકરસિંહ વાઘેલા સહિતના સાત ધારાસભ્યોને ઈમેઈલ અને રજિસ્ટર્ડ એડીથી પક્ષનો વ્હીપ મોકલેલો છે, ત્યારે હવે રાજયસભાની ચૂંટણીને ગણતરીના કલાકો બાકી છે ત્યારે કોંગ્રેસ માટે કતલની રાત જેવો સમય જાણે આવી ગયો છે. છેલ્લી ઘડીયે ભાજપ દ્વારા કોઈ ગંદી કૂટનીતિ અને રાજકીય ચક્રવ્યૂહ ના ખેલાય અને તેના એકપણ ધારાસભ્યને ના ફોડાય કે તોડાય તે માટે કોંગ્રેસ એકદમ એલર્ટ પર છે કારણ કે, રાજયસભાની ચૂંટણીમાં જીતવા માટે ૪૫ મત

● અનુસંધાન પાન-૫ પર

# અમીત શાહના આગમનના પગલે રાજકીય ધમધમાટ

**એનસીપીએ કોંગ્રેસ પાસે વિધાનસભાના જંગમાં ૨૫ બેઠકોની માંગણી કરી દબાણ વધાર્યું**

ગાંધીનગર, તા. ૬

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીને લઈ બધા પક્ષો જ તેમની



આગવી વ્યુહરચના સાથે આગળ વધી રહ્યા છે તેને પગલે આગામી ૪૮ કલાક ગુજરાતના રાજકારણ માટે મહત્વના બની રહેશે તેવા સંકેતો રાજકીય વર્તુળો આપી રહ્યા છે.

રાજ્યસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષે ત્રણેય બેઠકો પર વિજયી થવા માટે એડીચોટીનું જોર લગાવી દીધુ છે. ભાજપના મુખ્ય રણનીતિકાર અમીત શાહ આજે અમદાવાદ આવતાં જ રાજ્યના રાજકારણમાં રાજકીય ગતિવિધિઓ તેજ બની જવા પામી છે.

મંગળવારે રાજ્યસભાની યોજાનાર ચૂંટણીને લઈ એનસીપીએ કોંગ્રેસ પર દબાણ વધાર્યુ છે અને આગામી વિધાનસભાની ચૂંટણીમાં તેમના પક્ષને ઓછામાં ઓછી ૨૫ બેઠકો આપે તો કોંગ્રેસના ઉમેદવારને સમર્થન કરવાની વાત બહાર આવી છે.

રાજ્યસભાનો ચૂંટણી જંગ રોચક બની રહ્યો છે અને વિધાનસભામાં એનસીપીના બે સભ્યો છે. જોકે અગાઉ એનસીપીએ અહમદ પટેલનું સમર્થન કરવાની વાત કરી હતી હવે રાજ્ય વિધાનસભાની બેઠકો સુધી આ વાત પહોંચી ગઈ છે.

મળતી વિગતો પ્રમાણે કોંગ્રેસ પક્ષ દ્વારા ચાલતા આઈટી સેલમાં આજે સભ્યો દ્વારા તેમનો મત અહમદ પટેલને જ તેવી વાતો વન ટુ વન કરી અને નિવેદનો તેના પેજ પર ટેલિકાસ્ટ કરવામાં આવ્યા છે.

બીજી તરફ આજે અમદાવાદ આવી પહોંચેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહના નિવાસસ્થાને પ્રદેશ પ્રમુખ વાઘાણી, મુખ્યમંત્રી રૂપાણી સહિતના સિનીયર આગેવાનો વચ્ચે બેઠકો અને મંત્રણાનો દોર રાજ્યસભાની ચૂંટણીની વ્યુહરચનાને લઈ ચાલ્યો હતો.

તો કોંગ્રેસના ધારાસભ્યો આજે મોડી રાત્રે અમદાવાદ વિમાન માર્ગે બે ભાગમાં આવશે અને તેઓ સીધા આણંદ જશે ત્યાં એક રિસોર્ટમાં બધાને રાખવામાં આવનાર છે.

રાજ્યસભાની ચૂંટણીએ રાજ્યના રાજકારણમાં નવા રાજકીય ધ્રુવીકરણો અને સમીકરણો બનાવશે તેવી ચર્ચાને લઈ પાટનગરના રાજકીય વર્તુળો વધુ ઉત્તેજીત બની રહ્યા છે.











